This question paper consists of 31 questions and 8 printed pages.
આ પ્રશ્નપત્રમાં 31 પ્રશ્નો અને 8 છપાયેલાં પૃષ્ઠો છે.

Roll No.
રોલ નંબર

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | |

Code No. 46/S/A/G
કોડ નં.

# GUJARATI
# (ગુજરાતી)
# (207)

Day and Date of Examination
(પરીક્ષાનો વાર અને તારીખ) ______________________

Signature of Invigilators
(નિરીક્ષકની સહી)

1. ______________________

2. ______________________

**સામાન્ય નિર્દેશ :**

1 વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપેપરના પહેલા પાને લખે.

2 પહેલાં પ્રશ્નપેપરને ચેક કરી લેવું. પ્રશ્નપત્રમાં આપેલાં કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાનાં ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચેક કરી લેવું.

3 ઓબ્જેક્ટિવ પ્રશ્નોના વિકલ્પો દા.ત. (A), (B), (C) અથવા (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો.

4 ઓબ્જેક્ટિવ પ્રશ્નોની સાથે બધા પ્રશ્નોના ઉત્તર નિર્ધારિત કરેલા સમયમાં આપવા. ઓબ્જેક્ટિવ પ્રશ્નો માટે અલગથી સમય નહીં આપવામાં આવે.

5 ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈ પણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિહ્ન લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.

6 પોતાની ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપેપરની કોડ સંખ્યા **46/S/A/G** લખવી.



www.cbseportal.com
Download From: http://cbseportal.com

# GUJARATI
# (ગુજરાતી)
# (207)

**સમય : 3 કલાક** **પૂર્ણાંક : 100**

**નોંધ :**

**(1)** બધા પ્રશ્નો અનિવાર્ય છે અને પ્રત્યેક પ્રશ્નની સામે અંક આપેલા છે.

**(2)** વસ્તુનિષ્ઠ પ્રશ્નો માટે એક-એક અંક નિર્ધારિત છે.

**(3)** વસ્તુનિષ્ઠ પ્રશ્નોત્તર લખવા માટે વધારાનો સમય આપવામાં નહીં આવે. બધા પ્રશ્નો આપેલા સમયમાં એક સાથે કરવાના છે.

1 કાનુડાએ કયું તોફાન નહોતું કર્યું તે જણાવો. ૧

(A) શીકું ફોડવું (B) ફર્નિચર તોડવું

(C) માખણ ઢોળવું (D) માખણ ખાવું

2 મારી વ્યાયામશાળામાં નાયકને શાનું નિમંત્રણ મળ્યું ? ૧

(A) લગ્નમાં જવાનું (B) જમવાનું

(C) રમવાનું (D) વ્યાયામ કરવાનું

3 નીચેના વિકલ્પોમાં સાચી જોડણી કઈ ? તે લખો. ૧

(A) પરદિક્ષણા (B) પૃદક્ષિણા

(C) પ્રદક્ષિણા (D) પ્રદક્શિણા

4 'એક પ્રશ્ન' પાઠમાં ન્યાય કરવા કોને બોલાવ્યાં ? ૧

(A) મોટાભાઈને (B) બાને

(C) બહેનને (D) હીરાને

5 'મુક્તક'ના કવિ કોણ છે ? ૧

(A) મકરંદ દવે (B) ઈશ્વર પેટલીકર

(C) ઝવેરચંદ મેઘાણી (D) બરકત વિરાણી



Download From: http://cbseportal.com

6 હોળીનો તહેવાર ____________ ઋતુમાં આવે છે. ૧

(A) વસંત (B) શરદ

(C) ગ્રીષ્મ (D) હેમંત

7 પતંગિયું અને ચંબેલીમાં કવિ કોને ઘેલી કહે છે ? ૧

(A) રાણીને (B) પતંગિયાને

(C) ચંબેલીને (D) પરીને

8 'સોયનું નાકું' પાઠમાં થયેલ સભામાં પ્રમુખ સ્થાન કોણે લીધું ? ૧

(A) ભાઈબંધે (B) નોકરે

(C) ચિત્રગુપ્તે (D) નંદનંદન શેઠે

9 પીળકના સ્વર માટે કઈ ઉપમા આપવામાં આવી છે ? ૧

(A) ઓગળેલા માખણ જેવી (B) મધમીઠી

(C) ચંદ્રની ચાંદની જેવી (D) પ્રભાતનાં કિરણો જેવી

10 વિનુ માંકડ કયા પ્રકારના નિષ્ણાત ફિલ્ડર હતા ? ૧

(A) ગલીના (B) સિલી પૉઈન્ટના

(C) સ્લિપ અને શોર્ટલેગની જગ્યાના (D) ફાઈન લેગના

11 'પુષ્પતણી પાંદડીએ' - અલંકાર ઓળખો. ૧

(A) વર્ણાનુપ્રાસ (B) ઉત્પ્રેક્ષા

(C) રૂપક (D) ઉપમા

12 ઉત્તરાયણ પછી સૂર્ય કઈ દિશા તરફ ગતિ કરે છે ? ૧

(A) પૂર્વ (B) પશ્ચિમ

(C) ઉત્તર (D) દક્ષિણ



Download From: http://cbseportal.com

13 નંદનંદન શેઠની સ્મૃતિમાં શું બનાવવાનું નક્કી થયું ? ૧

(A) ઈમારત (B) સ્મારક

(C) ચબૂતરો (D) ચોક

14 કવિએ 'પરી' માટે કયું વિશેષણ વાપર્યું છે ? ૧

(A) મલકંતી (B) દમયંતી

(C) મહકંતી (D) લાજવંતી

15 અનાજના વેપારી કેટલું અનાજ વેચે છે ? ૧

(A) કિલો-કિલો (B) મણ-મણ

(C) પાંચ કિલો (D) શેર-શેર

16 ગાંધીજીને ટોળામાંથી કોણે બચાવ્યા ? ૧

(A) નાથૂરામ ગોડસેએ (B) નહેરુજીએ

(C) મિ. એસકમ્બેએ (D) રૂસ્તમજીએ

17 'પર્વતને ઊંચકનાર' માટે યોગ્ય શબ્દ બતાવો. ૧

(A) પર્વતારોહક (B) પર્વતધારી

(C) પર્વતાધિપતિ (D) ગિરધારી

18 કયા કવિનું ઉપનામ 'સુન્દરમ્' છે ? ૧

(A) નરસૈંયો (B) પ્રેમાનંદ

(C) ત્રિભુવનદાસ લુહાર (D) નર્મદ

19 'ઉર'નો સાચો પર્યાય શોધીને લખો. ૧

(A) ઉદાર (B) હૈયું

(C) કુરબાન (D) મેરું

20 'ત્યારે જાણી અનહદ ગતિ, નાથ મારા, તમારી'. પંક્તિ કયા કાવ્યની છે ? ૧

(A) મન નો ડગે (B) જૂનું પિયરઘર

(C) અદીઠો સંગાથ (D) અતિજ્ઞાન



Download From: http://cbseportal.com

21 (ક) નીચે આપેલા સવાલોના જવાબ આપો : (ગમે તે **ત્રણ**) ૬

(i) શંકરલાલે કહેલા શબ્દોની દેવશંકર પર શી અસર થઈ હતી ?

(ii) ગૌરી કોણ હતી ? તેણે પોતાનો કયો દાવો રજૂ કર્યો હતો ?

(iii) શિયાળાની સવારનું વર્ણન 'સૂર્યનું સેવન' પાઠના આધારે કરો.

(iv) યાત્રાધામ પ્રયાગરાજનું મહત્ત્વ વર્ણવો.

(v) અખાડાના સંચાલકે લેખક વિશે શું-શું કહ્યું હતું ?

(ખ) નીચે આપેલા સવાલોના જવાબ એક વાક્યમાં લખો : (ગમે તે **ત્રણ**) ૩

(i) સૂર્ય કોની પાસે નાજુક બની જાય છે ?

(ii) કુદરતમાં નવું ચેતન ક્યારે આવે છે ?

(iii) મિ. ચેમ્બરલેને શા માટે તાર કર્યો હતો ?

(iv) 'મારી મા' પાઠની નાયિકાએ કઈ ડિગ્રી મેળવી હતી ?

(v) ચિત્રગુપ્તને નંદનંદન શેઠના કયા બે દુર્ગુણો જણાઈ આવ્યા ?

22 (ક) નીચે આપેલા સવાલોના જવાબ લખો : (ગમે તે **ત્રણ**) ૬

(i) 'તડકો' કાવ્યનો મુખ્ય ભાવ સમજાવો.

(ii) કાનુડાની બાળલીલાઓનું વર્ણન કરો.

(iii) અખાએ 'છપ્પા'માં કયાં ત્રણ દાંભિક આચરણો કહ્યા છે ?

(iv) 'કોણ' કાવ્યના આધારે પ્રકૃતિમાં ઈશ્વર કયા-કયા રૂપે વસેલો છે ? સ્પષ્ટ કરો.

(v) 'જગત નાગરિક' શબ્દ દ્વારા કવિ શું સૂચવે છે ?

(ખ) નીચે આપેલા સવાલોના જવાબ **એક** વાક્યમાં લખો : (ગમે તે **ત્રણ**) ૩

(i) 'અવસાન-સંદેશ' કાવ્યમાં કવિ જગતનો કયો નિયમ દર્શાવે છે ?

(ii) ચંબેલી પતંગિયા પાસે શું માંગે છે ?

(iii) તડકાને કોના જેવો અટલ કહ્યો છે ?

(iv) કવિના સૂતેલા મનને કોણ જગાડી ગયું ?

(v) 'એ લોકો' કાવ્યના કવિને શું થવું છે ?



www.cbseportal.com
Download From: http://cbseportal.com

23 (ક) નીચેનાં વાક્યો કોણ કોને કહે છે ? (ગમે તે **ત્રણ** લખો) ૩

(i) ''ઓ હો ! આ કોલાહલ શો ? યુરોપનું યુદ્ધ ભજવો છો કાંઈ ?''

(ii) ''તમારે ગામથી કોઈ બાઈ આવ્યા છે. એ તમારા પાડોશણ છે ?''

(iii) ''તમે તો કાળાબજાર સંહારક સમિતિમાં હતાં, ખરું ને ?''

(iv) ''ફ્રેન્ચ સાહેબ, કૂદશો નહિ, આ ટાવર ક્યાં ઈંટોનો બનાવ્યો છે.''

(v) ''કીર્તિ તો મને એટલી મળી કે મારે એને ખરીદવા જવું નહોતું પડતું.''

(ખ) ગમે તે **બે** કાવ્યપંક્તિઓનું ભાવસૌંદર્ય સ્પષ્ટ કરો : ૬

(i) ''ફાંટું ભરીને સોનું સૂરજનું ભરો હવે,
પાછા ફરી ન આવશે તડકા વસંતના.''

(ii) ''હરિ કૃપાથી મમ લેખ ચિત્રથી,
જીવતો છઉં હું દમથી.''

(iii) ''તગતગતો આ તડકો,
ચારે કોર જુઓને કેવી ચગદાઈ ગઈ છે સડકો.''

24 મુદ્દાસર ઉત્તર લખો : (ગમે તે **બે**) ૬

(i) ''સોયનું નાકું'' શીર્ષકની સાર્થકતા.

(ii) નાયક અને પહેલવાન વચ્ચેની કુસ્તીના દાવપેચ.

(iii) ''ઈંટોએ મારા જીવનમાં સાત રંગ પૂર્યા છે''; વિધાનનો મર્મ સમજાવો.

25 ગમે તે **એક** વિષય પર આશરે ૨૦૦ શબ્દોમાં નિબંધ લખો : ૧૦

(ક) મારા શૈશવનાં સંસ્મરણો

(ખ) વૃક્ષોનું જતન, આબાદ વતન

(ગ) ઉનાળાની બપોર

(ઘ) લોખંડી મહાપુરુષ : સરદાર પટેલ

(ઙ) જીવનમાં રમતગમતનું મહત્ત્વ



Download From: http://cbseportal.com

26 તમારી નાની બહેનને અભ્યાસનું મહત્ત્વ બતાવતો પત્ર લખો. ૮

**અથવા**

તમે રહો છો તે વિસ્તારમાંથી ગંદકી દૂર કરવા તમારા શહેરની મ્યુનિસિપાલિટીના મુખ્ય અધિકારીને સંબોધી અરજી લખો.

27 ગમે તે **એક**નો વિચાર-વિસ્તાર કરો : ૬

(ક) આચાર એ જ પ્રચારનું શ્રેષ્ઠ માધ્યમ છે.

(ખ) સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય.

28 નીચેનો ગદ્યખંડ ધ્યાનથી વાંચો અને આપેલા પ્રશ્નોના ઉત્તર લખો : ૫

**ગદ્યખંડ :**

સ્ત્રીઓને પોતાનાં કામકાજમાં વ્યવસ્થા રાખવાની ટેવ તથા સર્વ વ્યવહારમાં દૂરંદેશીપણું એ ગુણ ઘણા ઉપયોગી છે. તે ઉપરાંત કરકસરની ટેવ પણ અમૂલ્ય છે. એ સર્વ જેથી વધે તેવા શિક્ષણનો તેને ઘણો ઉપયોગ હોવા છતાં સ્ત્રી-પુરુષ બન્નેના વ્યાપાર સાધારણ રીતે જ જુદા હોવાથી સ્ત્રી-પુરુષનાં શિક્ષણ અમુક વય સુધી એક હોઈ શકે, પણ પછી તે જુદું પડવું જોઈએ. સુશિક્ષિત માતાઓ આ પ્રમાણે પેદા થાય છે. તેમ થવાથી દેશની ઉન્નતિનાં બીજ રોપાય છે. જે-જે દેશ પાયમાલ થયા છે તે-તે દેશમાં સ્ત્રી શિક્ષણ ઉપર લોકોએ ધ્યાન ન આપવાથી તેમ થયું છે, માટે સ્ત્રીની ઉન્નતિમાં જ સર્વની ઉન્નતિ છે એમ જાણી જેમ બને તેમ દેશમાં સ્ત્રીસન્માનની વૃદ્ધિ થાય એવો પ્રયત્ન સર્વેએ કરવો જોઈએ.

**પ્રશ્નો :**

(i) સ્ત્રીઓની કઈ ટેવ અમૂલ્ય છે ?

(ii) સુશિક્ષિત માતાઓ કેવી રીતે પેદા થાય છે ?

(iii) કયા દેશો પાયમાલ થાય છે ?

(iv) સુશિક્ષિત માતાઓ પેદા થવાથી શું થાય છે ?

(v) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.



Download From: http://cbseportal.com

29 એક કૉલોનીમાં 600 વ્યક્તિઓ રહે છે. તેમાંથી 300 વ્યક્તિઓ નોકરી કરે છે, 150 વ્યક્તિઓ પોતાનો વ્યવસાય કરે છે, 75 વ્યક્તિઓ નાના-મોટા દુકાનદારો છે અને બાકી રહેલા દૈનિક રોજી પર જતાં મજૂરો છે. આ વર્ગીકરણને ટકાવારીમાં વર્તુળ આલેખ દ્વારા રજૂ કરો. ૩

30 સૂચના મુજબ લખો :

(ક) વિરુદ્ધાર્થી લખો : (ગમે તે **બે**) ૨

પાપ, સહિષ્ણુ, આથમે, દયાળુ

(ખ) સમાનાર્થી લખો : (ગમે તે **બે**) ૨

વાદળ, રવિ, ભયાનક, ધ્વનિ

(ગ) સંધિ કરો : (ગમે તે **બે**) ૨

પૂર્ણ+આહુતિ, સુ+આગત, પ્રતિ+એક, તત્+ગુણ

(ઘ) રૂઢિપ્રયોગોના અર્થ લખો : (ગમે તે **બે**) ૨

અવળા ધંધા કરવા, મૂછે તાવ દેવો, નબળી રગ હાથ આવવી, મનમાં વસી જવું.

(ઙ) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : (ગમે તે **બે**) ૨

જે સૌને સમાન દૃષ્ટિએ જુએ,

કોઈને પહોંચાડવા માટે સોંપાયેલી વસ્તુ,

વડની ડાળીમાંથી ફૂટીને લટકતું મૂળ

31 નીચેના મુદ્દા ધ્યાનપૂર્વક વાંચી તે પરથી વાર્તા લખો : ૫

એક શિલ્પી — મૃત્યુની આગાહી — પોતાના જ જેવાં છ પૂતળાં બનાવવાં — યમદૂતનું આગમન — મૂંઝવણ — યુક્તિ — 'હા, એક ભૂલ કરી છે' એમ બોલવું — શિલ્પીનો પ્રશ્ન, 'કઈ ભૂલ ?' — 'બસ આ જ ભૂલ' — શિલ્પી પકડાઈ જવો — ઉપદેશ.



Download From: http://cbseportal.com